# પ્રકરણ ૯

# સુરા, સુરા, સુરા : સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

મધુ રાયના નામે જાણીતા સર્જકનું મૂળ નામ મધુસૂદન વલ્લભદાસ છે. સૌરાષ્ટ્રમાં આવેલ જામખંભાળિયામાં ૧૬ જુલાઈ ૧૯૪૨ના રોજ તેમનો જન્મ વલ્લભદાસ સુંદરજી ઠાકર અને વિજયાબહેન (મૂળ નામઃ ચંદ્રમણિબેન)ના ઘરે થયો. પિતા જામખંભાળિયામાં જ શિક્ષક તરીકે નોકરી કરતાં હતાં. પાંચેક વર્ષની વયે તેઓ પરિવાર સાથે કલકત્તા સ્થળાંતરિત થાય છે. તેમને શશિબેન અને વિનુબેન નામે બે બહેનો તથા અરૂણભાઈ અને નલિનભાઈ નામે બે ભાઈઓ છે. કલકત્તામાં રહેવા છતાં તેઓ ગુજરાતી શિક્ષણ મેળવે છે. તેમની માતાનો આ માટે સૌથી વધુ સહયોગ તેમને મળ્યો છે. હાઇસ્કુલનો અભ્યાસ પૂર્ણ કરી તેઓ રેસિડેન્ટ કોલેજમાંથી બી.એ.ની પદવી પ્રાપ્ત કરે છે. કલકત્તામાં જ તેઓ ચંદ્રકાન્ત બક્ષી અને શિવકુમાર જોશી જેવા સાહિત્યકારોના સંપર્કમાં આવે છે. ૧૯૪૭થી વીસ વર્ષ એટલે કે ૧૯૬૭ સુધી કલકતામાં રહ્યા પછી ૧૯૬૭માં તેઓ અમદાવાદ આવે છે. અહીં આવી તેઓ 'સંદેશ' અને 'નિરીક્ષક'માં જોડાય છે. એવામાં નવનીત એન્ડ કંપનીમાં જોડાઈ લેખન ક્ષેત્રે પોતાનું યોગદાન આપે છે. અમદાવાદમાં રહેવાના લીધે લાભશંકર ઠાકર જેવા સાહિત્યકાર સાથે તેમની મિત્રતા થાય છે જેના પરિણામે 'આકંઠ સાબરમતી'ની સ્થાપના થાય છે. ત્રણેક વર્ષ અમદાવાદમાં રહ્યા પછી ઈસ્ટ વેસ્ટ સેન્ટર તરફથી સાંસ્કૃતિક આદાન-પ્રદાનની યોજનાને લીધે ૧૯૭૦માં તેઓ અમેરિકા જાય છે. બે વર્ષ રંગમંચ અને દિગ્દર્શનની તાલીમ મેળવી તેઓ ભારત પાછા આવે છે. ૧૯૭૩માં સુવર્ણાબહેન સાથે તેમના લગ્ન થાય છે અને ૧૯૭૪માં ફરીથી તેઓ અમેરિકા જઈ સર્જનાત્મક સાહિત્યમાં અનુસ્નાતકની પદવી મેળવે છે. અમેરિકામાંથી જ ૧૯૭૮માં 'ગુજરાતી' નામનું સાપ્તાહિક શરૂ કરે છે. અમેરિકા ગયા પછી પણ ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય સાથેનો તંતુ તેઓ જાળવી શક્યાં છે. 'જન્મભૂમિ પ્રવાસી' અને 'દિવ્ય-ભાસ્કર' જેવા સમાચાર પત્રોમાં તેઓ કોલમો પણ લખતાં રહે છે.

ગુજરાતી સાગિત્યમાં મધુ રાય નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર અને નિબંધકાર તરીકે જાણીતા છે. તેમની પાસેથી 'ચહેરા', 'કામિની', 'સભા', 'સાપબાજી', 'મુખસુખ', 'કલ્પતરુ', 'કિમ્બલ રેવન્સવુડ' તથા 'સુરા, સુરા, સુરા' નવલકથાઓ 'બાંશી નામની એક છોકરી', 'રૂપકથા', 'કાલસર્પ', 'મોરે પિયા ગયે રંગૂન', તથા 'રૂપકથા' જેવા વાર્તાસંગ્રહો 'નીલે ગગન કે તલે', 'મન કી બીન', 'સેપિયા' તથા 'દિલ કી ગલી' જેવાં નિબંધસંગ્રહો 'કોઈ પણ એક ફૂલનું

નામ બોલો તો', 'કુમારની અગાશી', 'આપણે ક્લબમાં મળ્યાં હતાં', 'પાનકોર નાકે જઈ', 'યોગેશ પટેલનું વેવિશાળ' તથા 'સુરા અને શત્રુજિત' જેવાં નાટકો અને 'અશ્વત્થામા' અને 'કાન્તા કહે' જેવા એકાંકીસંગ્રહો મળ્યાં છે. તેમને 'નર્મદ સુવર્ણચંદ્રક', 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અને 'ભારતીય ભાષા પરિષદનું પારિતોષિક' પણ મળ્યાં છે. હાલ તેઓ અમેરિકામાં રહી સાહિત્ય ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહ્યાં છે.

'સુરા અને શત્રુજિત' નાટક પરથી મધુ રાયે પોતે લખેલી નવલકથા એટલે 'સુરા, સુરા, સુરા'. નાટક પરથી નવલકથાનું રૂપાંતરણ થયું હોવાથી અહિ નવલકથામાં નાટકને ઓગાળવાના ઘણાં પ્રયત્નો કર્યાં છે તેમ છતાં નાટ્યાત્મકતાના નવલકથામાં સામે આવ્યા કરે છે. એટલે નાટકમાં નવલકથા છે કે નવલકથામાં નાટક એ નક્કી ન કરી શકાય. આ નવલકથા એક રહસ્યાત્મક નવલકથા છે. વાચકની ઉત્તેજના જળવાઈ રહે તેવા નાટ્યાત્મક સંવાદોથી આ નવલકથા ભરપૂર છે. નવલકથાની કથનરીતિમાં પણ સર્જકે નવો પ્રયોગ કર્યો છે. કથાની કથક એક પ્રેતાત્મા – કૅથરિન છે. આ કૅથરીને આત્મહત્યા કરી છે. કૅથરિનની આત્મહત્યાનું કારણ શું? આ પ્રશ્નનો જવાબ કથાના અંતે મળે છે. જેથી કૅથરિનના આત્માને મુક્તિ મળે છે. કૅથરિન આ કથામાં સર્વજ્ઞ કથકની જેમ કથા કહે છે. તે આત્મા સ્વરૂપે હોઈ બધું જ જોઈ શકે છે. કોઈપણ વ્યક્તિના મગજમાં જઈ વિચાર અને સ્વપ્નો રોપી શકે છે. કૅથરિન કોઈ પણ વ્યક્તિના ભૂતકાળ તો ઠીક પણ ભવિષ્ય સુધી પણ પહોંચી શકે છે.

ન્યુ યર પાર્ટીથી કથાની શરૂઆત થાય છે. એક વર્ષ પછી ન્યુ યર પાર્ટી પર જ કથા પૂર્ણ થાય છે. આમ, એક વર્ષમાં વિતી ગયેલા વર્ષોનો હિસાબ દર્શાવવા વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ અહીં સર્જકે કર્યો છે. કથા અમેરિકામાં રહેતા બે દંપતીઓની છે. આ બે દંપતિઓમાંથી એક રસીલા અને પન્નાલાલ સોનાવાલા છે અને બીજા દંપતિ સુરા અને શત્રુજિત છે. આ ચારેય વ્યક્તિ મૂળે ગુજરાતી છે. પન્નાલાલ સોનાવાલા અને સુરાના પિતા મિત્રો હોય છે અને ગુજરાતમાં રહેતા તે સમયના પડોશી પણ છે. સુરા ગાયનેકોલોજિસ્ટ છે. શત્રુજિત સાઇકોએનાલિસ્ટ છે. તો પન્નાલાલ સાયકિયાટ્રીસ્ટ છે. તો રસીલા કાર્ડિયોલોજિસ્ટ છે. આમ ચારેય વ્યક્તિ ડોકટર છે.

સુરાને લગ્ન પહેલા શત્રુજિતથી બાળક રહી ગયેલ હોવાથી તેમણે લગ્ન કરી લીધેલ છે. ગર્ભાવસ્થાને થોડાં મહિનાઓ થતા સુરા તેની મિત્રને ત્યાં રહેવા ગઈ’તી ત્યાં તેને મિસકેરેજ થઈ જાય છે. તે પછી સુરા અને શત્રુજિતને કોઈ સંતાન નથી. સોનાવાલા દંપતીને એક મંદા નામની પુત્રી અને એક ચિરાયુ નામે પુત્ર છે. મંદાના લગ્ન થઇ ગયા છે તેથી તે તેના સાસરે રહે છે.

ચિરાયુ માટે તેના માતા પિતા આદર્શ છે. ચિરાયુ એટલે ચિન્કુ તેના માતા પિતાનું લાડકવાયું સંતાન છે. આ ચિન્કુ સુરા અને શત્રુજિત પાસે જ મોટો થયો હોય છે. ચિન્કુ તેની નાનામાં નાની વાત તેના માતા પિતા પહેલા સુરા અને શત્રુજિતને કરે છે. ચિન્કુ એક કૅથલિક છોકરી કૅથરિનના પ્રેમમાં પડે છે. ચિન્કુ સૌથી પહેલા તેને સુરા અને શત્રુજિત પાસે લઈને આવે છે. કૅથરિન અને ચિન્કુ એક સાથે ખૂબ જ ખુશ હોય છે. દરેક વ્યક્તિ તેમની જોડીથી ખુશ થાય છે. કૅથરિન અને ચિન્કુ એક સાથે સાઉથ આફ્રિકા ફરવા જાય છે. તેમના પ્રેમ સ્વરૂપે કૅથરિન પ્રેગ્નેન્ટ થાય છે. બન્ને ખુબ જ ખુશ હોય છે. એવામાં એક દિવસ બંને છૂટા પડી જાય છે.

કોઈ સમજી શકતું નથી કે શા કારણે બંને અલગ થયા ? કૅથરિન કૅથલિક છે અને તેના ધર્મ મુજબ એબોર્શન કરાવવું પાપ કહેવાય, છતાં તેને અબોર્શન કરાવવું પડે છે. ચિન્કુ ગુજરાતમાં ભૂકંપ રાહત કાર્યના સેવામાં જોડાય છે. જતા જતાં સુરાને કહેતો જાય છે કે કૅથરિન શત્રુજિત પાસે સારવાર લે. એરપોર્ટ પર ચીંકુંને છોડીને આવ્યા પછી તરત જ કૅથરિન આપઘાત કરવાની હતી. પણ ચિન્કુએ સુરાને પહેલેથી જ એરપોર્ટ પર બોલાવી લીધી હોય છે. સુરા આખો દિવસ અને રાત તેની સાથે રહે છે. સવારે શત્રુજિત પાસે સારવાર માટે આવે છે. શત્રુજિત તેની સારવાર દરમ્યાન ઘણીવાર જાણવાની કોશિશ કરે છે કે બન્ને કઈ રીતે અલગ પડ્યા પણ ચિન્કુ કે કૅથરિન જવાબ આપતા નથી. અચાનક એક દિવસ કૅથરિન આત્મહત્યા કરી લે છે.

આ સિવાય હજૂ ઘણો ભૂતકાળ ખુલવાનો બાકી હોય છે. કથામાં આ ભૂતકાળ ધીરે ધીરે ખુલે છે. કથા કેટ એટલે બિલ્લી એટલે કૅથરિનના કથન દ્વારા શરૂ થાય છે. સુરા અને શત્રુજિતના ઘરે ન્યુ યર પાર્ટીનું આયોજન હોય છે. આ પાર્ટીમાં બે વર્ષે ઘરે પાછો ફરેલો ચિન્કુ આવે છે. તે પોતાના ઘરે જવાને બદલે સીધો એરપોર્ટથી ત્યાં જ આવ્યો હોય છે. સુરા તેને કૅથરિન વિશે પૂછે

છે ત્યારે તે ચિડાય જાય છે અને કશું જ કહેતો નથી. સુરા તેને જણાવે છે કે કૅથરીને આત્મહત્યા કરી લીધી છે.

ચિન્કુ કૅથરિનથી છૂટો પડ્યો પછીના સમય દરમ્યાન કચ્છના રાહત કાર્યમાં જોડાયો હોય છે, ત્યાં એક સુમિત્રા નામની છોકરી સાથે પ્રેમમાં પડ્યો હોય છે. ચિન્કુ સંપૂર્ણ રીતે ગુજરાતી બોલી શકતો નથી. સોનાવાલા દંપતી તેના પુત્રને સુરાને ત્યાં જોઈ અચંબિત થઈ જાય છે. એ ખુશ પણ છે અને નારાજ પણ છે. ચિન્કુ બધા વચ્ચે જાહેર કરે છે કે તે સુમિત્રા નામની છોકરીના પ્રેમમાં છે અને તેની સાથે લગ્ન કરવાનો છે. આ સમાચારથી તેના માતાપિતા સહિત બધા ખુશ થઈ જાય છે. તે ખુશીના માહોલમાં જ ચિન્કુ ધડાકો કરે છે અને તેના પિતાને કહે છે કે ‘યુ આર નોટ ઇનવાઈટેડ’ ચિન્કુ ત્યાંથી પોતે ખરીદેલી કાર જે અત્યાર સુધી સોનાવાલા ચલાવતા હતા તે લઈને નીકળી જાય છે. રસ્તામાં તેનો બધો જ આક્રોશ આ કાર પર ઠાલવે છે.

ચિન્કુ તેના પિતાને ધિક્કારે છે પણ શા માટે ? આ પ્રશ્નનો જવાબ કોઈ પાસે નથી. ફરી બંને પરિવાર સાથે મળે છે વેલેન્ટાઈન ડે પર. તે દિવસે ચિન્કુના લગ્ન હોય છે. કોઈપણ વ્યક્તિ ચિન્કુ વિશે વાત કરતી નથી. આ સમય દરમ્યાન અચાનક સુરાની માનસિક હાલત બદલાવા લાગે છે. સુરા ઘડીકમાં શત્રુજિત પર પ્રેમ ન્યોછાવર કરે છે તો ઘડીકમાં તેનાથી દૂર જવાનો પ્રયત્ન કરે છે. એક દિવસ શત્રુજિત તેને આ પરિવર્તન વિશે પૂછે છે ત્યારે તે કહી દે છે કે સોનાવાલાએ તેને મોલેસ્ટ કરી છે. શત્રુજિતને સુરાની આ વાત પર વિશ્વાસ આવતો નથી. છતાં તે સતત વિચાર્યા કરે છે કે સુરા આવું ખોટું શું કામ બોલે છે? અને જો એ ખોટું નથી બોલતી તો શું ખરેખર સોનાવાલા એ...?

એક દિવસ સોનાવાલા અને શત્રુજિત વચ્ચે આ બાબતે વાતચીત થતી હોય છે ત્યારે શત્રુજિત સોનાવાલા પાસે હકીકત કઢાવવાની કોશિશ કરે છે પરંતુ તે ફાવતો નથી. સોનાવાલા અને શત્રુજિત થોડા દિવસો બાદ ફરી ભેગા થાય છે. દારૂના નશામાં શત્રુજિત રીતસરનો એના પર તાડુકે છે, ‘તે મારી સુરાને મોલેસ્ટ કરી છે.’ આ બાબતથી સોનાવાલાને આઘાત લાગે છે અને તે આત્મહત્યા કરવાની કોશિશ કરે છે. પણ રસીલા તેને બચાવી લે છે.

ધીરે ધીરે સુરાનો વ્યવહાર વધુ દુષ્કર બનવા લાગે છે. તે શત્રુજિતને છોડીને તેની મિત્ર મંદા પાસે જતી રહે છે. ત્યાંથી પાછી આવીને સુરા શત્રુજિતને ડિવોર્સની નોટિસ આપે છે અને એથી વધુ આગળ જઈ સુરા શત્રુજિતના તમામ એકાઉન્ટ સિલ કરાવે છે. શત્રુજિતના ઘર પર કબજો મેળવી કોર્ટ ઓર્ડર દ્વારા શત્રુજિતને પહેરેલ લૂગડે ઘરમાંથી કાઢી મૂકે છે. સુરા આ બધું શું કામ કરે છે? આ પ્રશ્નનો જવાબ શોધવા માટે શત્રુજિત ફાંફા મારે છે. આ સાથે જ મનમાં અનેક પ્રશ્નો ઊભરાય છે ચિન્કુ તેના પિતાને શા માટે નફરત કરે છે? કૅથરિન અને ચિન્કુ શા માટે અલગ થયા? કૅથરીને આત્મહત્યા શા માટે કરી? સુરાનો વ્યવહાર અચાનક કેમ કોઈ કારણ વિના બદલાઈ ગયો? આ પ્રશ્નોમાં વધુ એક પ્રશ્નનો ઉમેરો થાય છે કેશવ ઠાકરને આવતા સ્વપ્નાઓ.

કેશવ ઠાકર સુરાને ત્યાં રસોઈ બનાવવા આવતા લતાબેનના ઘરમાં પેઈન્ગેસ્ટ તરીકે રહે છે. તેને બાયપોલાર નામની બીમારી છે. લતાબેને એનો ઇલાજ કરવા શત્રુજિતને ભલામણ કરી હોય છે. આ કેશવ ઠાકરને મૃત્યુ પામેલ કૅથરિન સ્વપ્ન મોકલે છે. પોતાને આવતા સ્વપ્ન વિશે કેશવ ઠાકર જ્યારે ડોક્ટર શત્રુજિતને કહેવા જાય છે ત્યારે શત્રુજિત તેના પર ચિડાઈ જાય છે. શત્રુજિતના જીવનમાં હવે પછી બનનારી બધી જ ઘટના કેશવ ઠાકરના સ્વપ્નમાં આવે છે. કેશવ ઠાકર તેને આવા સ્વપ્ન શું કામ આવે છે તે સમજી શકતો નથી.

કૅથરિન સુરા, પન્નાલાલ સોનાવાલા અને ચિન્કુને પણ સપનાઓ મોકલે છે. ચિન્કુ કૅથરિન વિશેનું સ્વપ્ન જોઈ વિચલિત થઈ જાય છે. ચિન્કુ તેને આવતા નાઈટમેર વિશે શત્રુજિતને વાત કરે છે અને સારવાર માટે શત્રુજિત પાસે આવે છે. શત્રુજિત ચિન્કુના મનના તણાવને દૂર કરવા ચેર થેરાપી આપે છે. જેમાં એક ચેર પર કાલ્પનિક વ્યક્તિને બેસાડી મનનો ભાર હળવો કરવામાં આવે છે.. શત્રુજિત ચિન્કુને ઓફિસમાં એકલો મૂકીને ચાલ્યો જાય છે. શત્રુજિત ચિન્કુની જાણ બહાર ટેપ રેકોર્ડર ચાલુ કરીને ગયો હોય છે. આ ટેપ રેકોર્ડર પર ચિન્કુની વાત સાંભળતા શત્રુજિતને ખબર પડે છે કે, ચિન્કુ અને કૅથરિન બાયોલોજીકલ ભાઈ બહેન હોય છે. ચિન્કુને થેલેસેમિયા માઈનર હતો અને કૅથરિનને પણ થેલેસસેમિયા માઈનર નીકળે છે. બન્નેના વધુ રિપોર્ટ કરાવતા ખબર પડે છે કૅથરિનના બાયોલોજીકલ પિતા સોનાવાલા છે. સોનાવાલાએ

યુવાનીના સમયમાં પૈસાના અભાવે કરેલ Sperm Donation કૅથરિનની માતા પાસે પહોંચે છે અને તેનાથી કૅથરિનનો જન્મ થાય છે. કૅથરિનને અબોર્શન કરાવવું પડે છે. વિધિની વક્રતા માટે ચિન્કુ પિતા પર ગુસ્સે હોય છે.

ચિન્કુ અને કૅથરિન એકબીજાને અખૂટ પ્રેમ કરતા હોવા છતાં જુદા પડે છે. ચિન્કુ કચ્છમાં ભૂકંપ રાહત કાર્યમાં જોડાય છે અને કૅથરિન શત્રુજિત પાસે સારવાર લે છે. શત્રુજિતના અથાગ પ્રયત્ન છતાં તે કૅથરિનને સાજી કરી શકતો નથી. એક દિવસ ઘરમાંથી બહાર કાઢ્યા પછી સુરા શત્રુજિતની ઓફિસે મળવા આવે છે. શત્રુજિત ફરી સુરા સાથે વાત કરવાનો પ્રયત્ન કરે છે અને વાતવાતમાં વાત કૅથરિન સુધી પહોંચે છે. સુરા અંતે ચુપી તોડે છે. કૅથરિનને બીજી વાર અબોર્સન કરાવવું પડ્યું હતું અને એના કારણે જ તેણે આપઘાત કર્યો હતો. આ ખુલાસાથી શત્રુજિત અચંબિત થઈ જાય છે. તેને ભૂતકાળ યાદ આવે છે. કૅથરિનની તમામ પ્રકારની સારવાર છતાં શત્રુજિત કૅથરિનને નોર્મલ કરી શક્યો ન હતો. ત્યારે શત્રુજિત તેને સેક્સ થેરાપી આપે છે. શત્રુજિતને ત્યારે તો લાગ્યું હતું કે આમ કરી તે કૅથરિનને સાજી કરી રહ્યો છે પરંતુ ખરેખર તો તેણે કૅથરિનને મોલેસ્ટ કરી હતી. તેના આ કર્મ પાછળ નાનપણમાં તેની સાથે ભણતા માવજી અને કાળજી દ્વારા થયેલ શારીરિક શોષણ જવાબદાર છે. એ કૃત્યોની છાપ શત્રુજિતના મનમાં પડી હોય છે જે કૅથરિન સાથેના શરીર સંબંધ સાથે જોડાય છે.

કથાને અંતે બધા જ લોકો ન્યૂ યર પાર્ટીમાં ફરી ભેગા થાય છે. તે સમયે શત્રુજિત બધી જ બાબતોનો ખુલાસો કરે છે. સુરા તમામ હકીકત પહેલેથી જ જાણતી હોય છે. કૅથરિન સુરા સાથે ઈ-મેઈલ પર ચેટ કરતી હોય છે. શત્રુજિતના ગુના સ્વીકાર પછી સુરા શત્રુજિતની સંપતી છોડી ચાલી જાય છે. કૅથરિનનો આત્મા પણ તૃપ્ત થઈને તેની યોગ્ય સ્થિતિમાં પહોંચી જાય છે.

આ સમગ્ર કથા કેશવ ઠાકરના મગજની જ ઉપજ છે. કથાના બધા જ પાત્રો કાલ્પનિક છે. તેવો કથાના અંતમાં ઘટસ્ફોટ થાય છે. આ નવલકથામાં સ્વપ્નનું વિશ્લેષણ કરી શકાય તેવા સ્વપ્નાઓ નથી. બાકી તમામ નવલકથા કરતાં અહીં જે સ્વપ્નાઓ છે તે વિશિષ્ટ જરૂર છે. અહીં એક પ્રેતાત્મા તેના મૃત્યુનો બદલો લેવા સ્વપ્ન મોકલે છે. જે વ્યક્તિને કારણે તેણે આત્મહત્યા કરી હતી તે ડૉ. શત્રુજિતના દર્દીને જ કૅથરિન સ્વપ્ન મોકલે છે.

નવલકથામાં સ્વપ્નનું વિશ્લેષણ કરતાં પહેલાં સ્વપ્નનું કારણ જાણવા સ્વપ્ન જોનારની મનોચૈત્સિક સ્થિતિ અને ભૂતકાળ સુધી પહોંચવું પડે. પરંતુ અહીં સ્વપ્નનું કારણ પાત્રની મનઃ સ્થિતિમાં નથી. નવલકથામાં આવતા સ્વપ્ન એક પ્રેત મોકલે છે. ધાર્મિક માન્યતા મુજબ જો કોઈ વ્યક્તિ અકાળે મૃત્યુ પામે તો તે વ્યક્તિ તેના સ્વજનોના સ્વપ્નમાં આવે છે. આ જ માન્યતાનો અહીં ઉપયોગ કરવામાં આવ્યો છે. "જે ફક્ત મારી અતૃપ્ત વાસનાઓ, મારી ગ્લાની, મારું 'ગિલ્ટ'. ગોડ, ઓ ગોડ, ઓ ગોડડડ!" (પાના નં.૦૮)

જો વ્યક્તિના મનમાં કોઈ કૃત્ય કરવાનું ગિલ્ટ હોય તો પણ તેને તે વિશે સ્વપ્ન આવે છે. કોઈ બાબતનો મન પર ભાર હોય, વસવસો હોય તો પણ તે વિષય અંગે સ્વપ્ન આવવાની શક્યતા વધી જાય છે. સોનાવાલાએ તેની યુવાનીમાં એક સ્ત્રી સાથે સંબધ બાંધી તેને રઝળતી મૂકી દીધી હતી અને તેને કારણે તે સ્ત્રીએ આપઘાત કર્યો હતો. તે બાબતનું સોનાવાલાને ગીલ્ટ છે. ચિન્કુ અને કેથરિનના સંબંધની વાસ્તવિકતા ચિન્કુને પજવે છે એટલે તેને પણ નાઈટમેર આવે છે. સુરા કેથરિનના મૃત્યુનું કારણ જાણે છે તેથી તેને પણ કેથરિન વિશે સ્વપ્ન આવે છે. શત્રુજીતે કેથરિનને મોલેસ્ટ કરી હતી એટલે તેને કેથરિન સ્વપ્નમાં આવે છે. બાકી રહ્યો કેશવ ઠાકર તેને મલ્ટીપલ પર્સનાલીટીનો રોગ છે અને તેને કારણે તે વિવિધ સ્વપ્ન ચિત્રો રચે છે.

આ નવલકથામાં વિશ્લેષણ કરી શકાય તેવા પ્રતીકોથી ભરપુર સ્વપ્નાઓ નથી. એકથી વધુ પાત્રને કથા દરમ્યાન સ્વપ્ન આવે છે. આ સ્વપ્ન ઉલ્લેખ કથાના રહસ્યને ઘેરું બનાવે છે. અહિ રજૂ થતાં સ્વપ્નાઓ કેથરિનની વાસનાઓનો જ પડઘો છે. "હું હવે છું જ નથી. છે ફક્ત મારી અતૃપ્ત વાસનાઓ, મારી ગ્લાની, મારું 'ગીલ્ટ'. ગોડ, ઓ ગોડ, ઓ ગોડડડ !"(પાના નં.૮) કેથરિનનો આ સંવાદ સ્વપ્નમાં રહેલ રહસ્યને સમજવા મદદરૂપ બને છે.

પ્રથમ કેથરિન ચિન્કુના મગજમાં ઘુસી સ્વપ્ન દશ્ય રચે છે. જેમાં ચિન્કુને કેથરિનની ચીસો સંભળાય છે. 'ડોન્ટ, પ્લીઝ ડોન્ટ ! પ્લીઝ પ્લીઝ પ્લીઝ !' ચિન્કુની આંખો ખુલી જાય છે. તે સમયે કોઈ વ્યક્તિની હાજરીનો તેને અહેસાસ થાય છે. આ સ્વપ્નથી ચિન્કુ ગભરાઈ જાય છે. આ ઘટના બાદ ફરી કેથરિન ચિન્કુને સ્વપ્નલોકમાં મોકલે છે. "હું 'બિલ્લી' પગે ચિન્કુના બંધ પોપચાંમાં માર્ગ કરીને તેના સફેદ ડોળા ઉપર મારી પીંછી ફેરવું છું. તેના મસ્તિષ્કના સ્ક્રીન ઉપર

સ્વપ્નટંકાર સાથે દશ્ય ઊઘડે છે -એક છોકરી ગભરાટથી દોડતી એક અંધારા ઓરડામાં પ્રવેશે છે. તેની પાછળ પાછળ એક ચોર પ્રવેશે છે; તેને ઉદ્દેશીને છોકરી કહે છે, ઓહ યુ? અને મુક કાલાવાલાં કરે છે; પછી ધીમે સાદે છોકરી કહે છે, ડોન્ટ, પ્લીઝ ડોન્ટ ! પ્લીઝ ! બેગ યૂ, પ્લીઝ ? ચિન્કુના સુપ્ત મસ્તિષ્કમાં આ દશ્ય હું વારંવાર વગાડું છું: ડોન્ટ, પ્લીઝ ડોન્ટ ! બેગ યૂ, પ્લીઝ ? અદશ્ય હાથે હું ચિન્કુના રક્તકણમાં મારી વાસનાના કુંભ ઢોળું છું અને આદિમ ભયનો પાશ ઉમેરી તેના અવયવોમાં રક્તસંચાર કરું છું.'(પાના નં.૫૭) અહિ કૅથરિન કેવી રીતે સ્વપ્ન મોકલે છે તે ક્રિયા સ્પષ્ટ થાય છે. આ સ્વપ્ન ચિન્કુના મગજમાં કૅથરિન વારેવારે મોકલ્યા કરે છે. જેથી ચિન્કુને કૅથરિનના મૃત્યુનું કારણ ખબર પડે. ચિન્કુ 'જાગ્રત થાય છે. તેને ખ્યાલ આવે છે કે તેણે પેલું સ્વપ્ન જોયું છે.'(પાના નં.૫૭)

કૅથરિન જે સ્વપ્ન ચિન્કુને મોકલે છે એ જ સ્વપ્ન દશ્ય સુરાના મસ્તિષ્ક પર પણ રચે છે. સુરા જ્યારે તેના ઘરે હોય છે ત્યારે 'તેના માથામાં અંધારું છવાઈ ગયું. સુરાએ કલ્પના કરી કે એક અંધારી રાતે એક છોકરી પથારીમાં સુતી છે. પગલાંનો અવાજ; છોકરી સંતાય છે; ચોર પ્રવેશી તેને શોધે છે; છોકરી પકડાય છે. ચોરને જોઇને છોકરી કહે છે, ઓહ યૂ, ડોન્ટ, પ્લીઝ ડોન્ટ ! બેગ યૂ, પ્લીઝ...'(પાના નં.૫૪) સુરાના મસ્તિષ્ક પર કૅથરિન અધિકાર જન્માવી લે છે જેથી સુરા જો ક્ષણ માટે પણ શત્રુજિત પર પ્રેમ આસક્ત થાય તો કૅથરિન તેના વિચારને તિરસ્કારમાં બદલી નાખે છે. "વિચાર તેના મનમાં મૂળિયાં નાખે તે પહેલાં હું 'બિલ્લી' તેના મગજમાં ઘૂસીને આળોટવા માંડી. સુરાની આંખો ભારે થઈ ગઈ. તે ફરી પથારીમાં લાંબી થઈને સુતી. તેની બંધ આંખોમાં મેં એક દશ્ય ઉપજાવ્યું: એક છોકરી ગળગળા સાદે કાલાવાલા કરે છે:

ડોન્ટ, પ્લીઝ ડોન્ટ ! પ્લીઝ પ્લીઝ પ્લીઝ !'

એકનું એક દશ્ય એકનું એક વાક્ય વારંવાર રિપ્લે થાય છે." (પાના નં.૧૬૫)

શત્રુજિત તેની ઓફિસમાં વ્યક્તિઓની સારવાર કરતો હતો. એક રાત્રીએ તેની ઓફિસના ત્યાં જે સોફા પર તે લોકોને સુવડાવી તેમની સારવાર કરતો તે સોફા પર સુવે છે. ત્યારે રમૂજમાં જ સુરાને જે વાક્ય કહે છે તેમાં પણ સ્વપ્નનો ઉલ્લેખ આવે છે. 'જેટલા ક્રેઝી

લોકો લાંબા થયાં છે તે બધાના બધ્ધા ડિઝીઝીઝનો થોડો થોડો સ્વાદ આવે સપનામાં !'(પાના નં.૧૬૭)

ચિન્કુ પોતાના નાઈટમેર વિશે શત્રુજિતને વાત કરે છે ત્યારે સ્વપ્નમાં જે છોકરી આવે છે તેનો ચહેરો સ્પષ્ટ નથી. ચિન્કુને તે છોકરીમાં ક્યારેક કૅથરિનનો, તેની માતાનો, સુરાનો, સુમિત્રાનો તો કોઈ અજાણી છોકરીનો ચહેરો દેખાય છે. આ સ્વપ્નનું અર્થઘટન કરતા શત્રુજિત કહે છે કે, 'તમે સપનામાં બધી સ્ત્રીઓ આવે છે, આખી સ્ત્રીજાતિ તને ખતરામાં લાગે છે! તું...તું લોખંડી હાથે તારી ફિલિન્ગ્ઝને દબાવી દે છે, એક પછી એક જૂના સંબંધો કાપતો જાય છે.'(પાના નં.૮૮) પરંતુ આ સ્વપ્નોમાં જે ડરેલી છોકરી છે એ કૅથરિન છે અને જે ચોર છે એ ડૉ. શત્રુજિત છે. જે સરળતાથી સમજાય એવું છે. આ એ જ ક્ષણ છે જ્યારે શત્રુજીતે કૅથરિનને મોલેસ્ટ કરી હતી. સુરા અને ચિન્કુને તે હકીકત જણાવી પોતાને થયેલ અન્યાય માટે ન્યાય ઇચ્છતી હોય કૅથરિન આ સ્વપ્ન બંનેના મસ્તિષ્કમાં વારંવાર ઊભું કરે છે. પન્નાલાલ સોનાવાલા તેના યુવાનીના સમયમાં એક સ્ત્રીને અન્યાય કરી બેઠા હોઇ એ ગીલ્ટ તેમને સતાવે છે અને તેથી તેમને વર્ષોથી તેના સ્વપ્ના આવે છે.

કૅથરિન લાંબો સમય સુધી ચિન્કુના મગજ પર આસન જમાવી તેને સ્વપ્ન સંકેત આપ્યા કરે છે. ચિન્કુ આ સ્વપ્નાઓથી ઘણો પરેશાન છે; એ કૅથરિન જોઈ શકે છે. 'જેના સપનામાં આવી આવીને તેના મગજમાં વિસ્ફોટક વિચારોની સુરંગો મુકીને જે ચિન્કુની નીંદર મેં હરામ કરી નાખી છે.'(પાના નં.૯૪) કૅથરિન ચિન્કુને પરેશાન જોઈ શકતી નથી એટલે પોતાનો બદલો લેવા હવે ચિન્કુને બદલે બીજું પાત્ર કેશવ ઠાકરને પસંદ કરે છે. એક રાત્રે કેશવ ઠાકર અચાનક જાગી જાય છે. કેશવ ઠાકર વિચાર કરે છે ત્યારે તેને ખબર પડે છે કે તે ઊંઘમાં એટલે કે સપનામાં કૅથરિન સાથે વાત કરતો હતો. અને કૅથરિન વિશેનું સ્વપ્ન જોતાં જોતાં તે સીટી વગાડવા લાગ્યો હતો. કેશવ ઠાકરને સમજાતું નથી કે આ કૅથરિન કોણ છે અને તેને આવા સ્વપ્નાઓ શા માટે આવી રહ્યા છે?

સુરાએ જ્યારથી શત્રુજિતને કહ્યું છે કે સોનાવાલાએ તેને મોલેસ્ટ કરી હતી ત્યારથી શત્રુજિત તે બાબત વિશે અવઢવમાં હોય છે. આ વાત ખરેખર કેટલી સાચી છે તે શત્રુજિત

સમજી શકતો નથી. એક દિવસ તે તેની ઓફિસમાં આવા જ વિચારો કરે છે ત્યારે તેને સોનાવાલા દિવાસ્વપ્નમાં દેખાય છે. "અચાનક તેને ભ્રમ થયો કે સોનાવાલા તેની બાજુમાં બેઠા છે. સાઈડ ટેબલ ઉપરથી સુરાનો ફ્રેમ કરેલો ફોટો ઉપાડી શત્રુજિતને બતાવે છે. પછી આંખ મારીને સોનાવાલા કહે છે, 'શી ઈઝ એ ડિશ, ઇઝન્ટ શી?' શત્રુજીતે ચીસ પાડીઃ 'હેય ! ગેટ આઉટ, ગેટ આઉટ ! ગેટ ધ સક્કાઉટ ! ગો- ગો- ગો !' (પાના નં.૧૦૫) અહિ સુરાની વાતથી શત્રુજિતના મગજમાં વિચારનું યુદ્ધ ચાલતું હોય છે તે જ વિચાર શત્રુજિતના મગજમાં આ દિવાસ્વપ્ન જન્માવે છે.

હવે પછી કૅથરિન પોતાની વાત કરવા માટે કેશવ ઠાકરનો જ ઉપયોગ કરે છે. તેને વારંવાર ભયાનક સ્વપ્નાઓ આવે છે. કેશવ ઠાકરને શત્રુજિતના જીવનમાં આગળ બનનારી ઘટનાઓ પણ સ્વપ્નમાં દેખાય છે. 'તેને શત્રુજિતનું સપનું આવ્યું હતું. તેણે સપનામાં શત્રુજિતને લોહીલુહાણ થતો જોયેલો અને જાગી ઊઠેલો... સપનામાં એક યુવતી એક હાથ ઓવરકોટના ગજાવર ગજવામાં ખોસી અને બીજા હાથમાં સુટકેસ પકડીને કોઈ ઘરના બારણાંમાં ઊભેલી તેણે જોઈ હતી.'(પાના નં.૧૦૬-૧૦૭) આ ઘટના ખરેખર શત્રુજિતના જીવનમાં બને છે. સુરા શત્રુજિતને છોડી મંદાને ત્યાં ચાલી જાય છે અને તે બંનેના ઝઘડા વખતે સુરા શત્રુજિતના પીઠ પર છરીથી વાર કરે છે. તેને લોહી નીકળે છે. આમ આ બંને સ્વપ્ન ભવિષ્યમાં સાચા પડે છે. સુરા શત્રુજિતને ડિવોર્સ નોટીસ આપે છે તે પણ કેશવ ઠાકર સ્વપ્નમાં નિહાળે છે. એક તરફ આ બધાં જ સ્વપ્નાઓ, તરંગ એ કેશવ ઠાકરની કોઈ બિમારી જ છે. પોતાના જીવન સાથે વિસંગતતા ધરાવતા આવા સ્વપ્નોથી કેશવ ઠાકર ડીપ્રેશનમાં આવી જાય છે. કેશવ ઠાકર શત્રુજિત સિવાય કોઈને ઓળખતો નથી. છતાં તેમના સ્વપ્નાઓ તેને શા માટે આવે છે તે કેશવ ઠાકરને સમજાતું નથી.

કેશવ ઠાકર પોતાના ડીપ્રેશનનું કારણ જાણે છે એ કૅથરિન છે. 'મારું આ ડીપ્રેશન છે ને, ડાક્ટરસાહેબ, તે પેલી કૅથરિનનું ડીપ્રેશન છે, અને તેને બીજું કોઈ યોગ્ય પાત્ર ન મળે ત્યાં સુધી મારે તે સાચવવાનું છે. અને મને લાગે છે કે કૅથરિનને તે બીજું પાત્ર મળી ગયું છે. હવે તેનો મોક્ષ થશે અને હું સાજો થઈશ. તમને નથી લાગતું ?'(પાના નં.૧૨૭) અહિ કૅથરિન પોતાના આત્માની

શાંતિ માટે અલગ અલગ ખોળિયા બદલી રહી છે તે બાબત સ્પષ્ટ થાય છે. પ્રથમ ચિન્કુ પછી કેશવ ઠાકર અને હવે શત્રુજિત કે સુરા. આ સમયે શત્રુજિતને લાગે છે કે કેશવ ઠાકરનું ડિપ્રેશન તેને વળગી રહ્યું છે. પણ તે મનોચિકિત્સક હોઈ તેના મનના ભાવ કળાવા દેતો નથી.

સુરા જ્યારે કેથરિનના મૃત્યુનું સાચું કારણ જણાવે છે ત્યારે શત્રુજિતે પોતે કરેલ કર્મ સ્વપ્ન સ્વરૂપે પ્રગટે છે. "'પ્લીઝ ડોન્ટ! પ્લીઝ પ્લીઝ...' કહેતી છોકરી ભાગવા જાય છે. એક પુરુષ તેને વાળથી પકડીને પછાડે છે. પુરુષ તેને ગળચીથી પકડે છે અને શત્રુજિત બેબાકળો બનીને જાગી ઊઠે છે.... ઘણા વખતથી તેને આ છોકરીવાળું દશ્ય સપનામાં આવે છે. આજે તે છોકરીનો અવાજ ઓળખાયો છે. કેથરિન કાલાવાલા કરે છે કોઈ પુરુષની પાસે, 'પ્લીઝ ડોન્ટ! પ્લીઝ પ્લીઝ...' છોકરીનો ચહેરો ફોટોગ્રાફીની પ્રિન્ટની જેમ તેના મનમાં ક્રમશઃ 'ડેવલપ' થાય છે. કેથરિનની અણસાર સ્પષ્ટ થાય છે !' (પાના નં.૧૭૪) શત્રુજિત તેને આવતા સ્વપ્નમાં પુરુષને ઓળખવાનો પ્રયત્ન કરે છે. થોડીવાર તે કાનજી લાગે છે તો પછી મનજી. પણ આ બંને તો ભારતના જુદા શહેરમાં સ્થિત હતા. આ બંને શત્રુજિતના બાળપણમાં તેનું શારીરિક શોષણ કરતા. જે છાપ તેના મન પર ક્યાંક ઊંડે ધરબાયેલ હતી અને એ કેથરિનના બળાત્કાર માટે કારણ બને છે. શત્રુજિત અંતે પોતાની જાતને ધિક્કારે છે. ત્યારે પણ તેમને આવતા સ્વપ્નનો ઉલ્લેખ આવે છે. 'કેથરિન ઉપર મેં કરેલા બળાત્કાર ચિન્કુને અને સુરાને અને મને સપનાંમાં દેખાતા હતા.'(પાના નં.૧૯૦)

સુરા, શત્રુજિત, કેથરિન બધાં જ કેશવ ઠાકરના કલ્પના જગતના કાલ્પનિક પાત્રો જ છે. કેથરિનના આત્માને પણ શાંતિ થાય છે અને કેશવ ઠાકરને પણ. સમગ્ર નવલકથામાં આવતા સ્વપ્નની સામગ્રી એક જ છે કેથરિન પર થયેલ અત્યાચાર. કેથરિનને પોતાની સાથે થયેલ ક્રૂર કૃત્ય કરનાર વ્યક્તિને યોગ્ય સજા મળે એ માટે તે આ સ્વપ્નો દ્વારા પોતાના સ્નેહીઓને સંદેશ મોકલી રહી હતી. કેથરિન દરેક વ્યક્તિને આ સ્વપ્ન વારવાર મોલતી હતી. જેથી આ સ્વપ્ન જોનાર વ્યક્તિના મનમાં આંદોલન રચાય અને તે આ સ્વપ્નો પાછળનું રહસ્ય જાણવાનો પ્રયાસ કરે છે.

આમ, અહિ એકનું એક સ્વપ્ન પત્થર પર જીણી જીણી હથોડીનું કામ કરે છે. કથાના રહસ્યને ઉપકારક બને છે. અંત સુધી વાચકને કૅથરિન સાથે શું બન્યું અને તેની આત્મહત્યાનું કારણ શું હતું એ જાણી શકાતું નથી. આમ કથાની વસ્તુસંકલનામાં રહસ્ય જન્માવવા આ સ્વપ્ન પ્રયુક્તિનો અસરકારક ઉપયોગ સર્જકે કર્યો છે. જો તે સ્વપ્નોને વધુ ચિત્રિત કરી શક્યા હોત તો કૅથરિન તથા સ્વપ્ન જોનાર વ્યક્તિના મનને વધુ સુક્ષ્મ રીતે જાણી શકાયું હોત. પણ અહિ સર્જકનો અધખુલ્લી બારી દ્વારા જીજ્ઞાસા જન્માવવાનો પ્રાયાસ રહ્યો છે. કથામાં આવતા સ્વપ્નમાં એકમાત્ર સંવાદ છે 'પ્લીઝ ડોન્ટ ! પ્લીઝ બેન્ગ યૂ ! પ્લીઝ પ્લીઝ પ્લીઝ...' આ સંવાદ સ્વપ્ન જોનારના મનમાં ભય જન્માવે છે અને તે સ્ત્રી પ્રત્યે કરુણા જન્માવે છે. બીજી નવલકથાઓમાં સ્વપ્ન પૂર્વે સર્જક પાત્રને સ્વપ્નમાં મોકલતો. જ્યારે અહિ કૅથરિન સ્વપ્ન મોકલતી હોઇ કૅથરિન પાત્રના મગજમાં જઈને સ્વપ્ન સંચાર કરે છે. આમ સ્વપ્ન પ્રયુક્તિના પ્રયોજનની રીતે 'સુરા, સુરા, સુરા' નવલકથા અન્ય નવલકથા કરતા નોખી પડે છે.

સંદર્ભઃ મધુ રાય, 'સુરા, સુરા, સુરા', અરુણોદય પ્રકાશન – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ફેબ્રુઆરી ૨૦૦૯